જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૭/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૧૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૮૭ લીટર દેશી દારૂ, ૨૦૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૦૪ બિયર ટીન અને ૦૧ ઈકો ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૭૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૧૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૧૫/૨૦૨૬**

મણીનગરઃ વંદનાબહેન વા/ઓ સૌરભભાઈ ભટ્ટ (ઉ.વ.૭૦)(રહે.જગાભાઈ પાર્ક, સરદાર પટેલ હોસ્પીટલ સામે, રામબાગ, મણીનગર) એ તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૬/૨૦૨૬ સવારના ૧૦/૩૦ થી તા.૧૮/૦૬/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન વંદનાબહેનને પોતાની બેંકનુ સરનામુ બદલવાનુ હોય તેઓએ ગુગલ પરથી બેંક મેનેજરનો નંબર સર્ચ કરતા મળેલ મોબાઈલ નંબર–૯૫૨૩૫૫૮૦૩૬ ઉપર વાતચીત દરમ્યાન અજાણી વ્યક્તિએ વિશ્વાસમાં લઈ વંદનાબહેનના મોબાઈલની વ્હોટ્સઅપ સ્ક્રીન શેર કરાવી તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ રૂપિયા ૩,૬૭,૦૨૦/– તથા તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ રૂપિયા ૯૯,૫૦૧/– અન્ય બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લઈ વંદનાબહેન સાથે ઓનલાઈન છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

વસ્ત્રાપુરઃ અવધનરેશ બાબાદીન શર્મા (ઉ.વ.૬૫)(રહે.શીલ્પ શાલીગ્રામ ફલેટ, વસ્ત્રાપુર સરકારી વસાહતની બાજુમાં, વસ્ત્રાપુર) એ તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે સપ્ટેમ્બર/૨૦૨૫ થી માહે મે/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર, આલ્ફાવન મોલ પાસે, શીતલ વેસ્ટ પાર્ક ઇમ્પીરીયા બીલ્ડીંગમા ઓફીસ નંબર.બી/૬૦૪ થી ૬૧૦ ખાતે આવેલ "એ.બી.એસ કુડ્સ લીમીટેડ" નામની કંપનીમાં અગાઉ એચ.આર તરીકે નોકરી કરતા આરોપી જેમી હરેશભાઇ લાડાણી (રહે.કાપડીયા સોસાયટી, ઉપલેટા, રાજકોટ) નાઓએ "એ.બી.એસ કુડ્સ લીમીટેડ" નામની કંપનીમા નોકરી નહી કરતા એવા વ્યક્તિઓના પગારની ખતવણી કરી જુદી–જુદી બેંકના ખાતામાં ખોટી રીતે કંપનીમાંથી પગાર પેટે કુલ રૂપિયા ૧૩,૫૩,૫૪૩/– ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.ઝાલા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૯૧૬/૨૦૨૬**

મણીનગરઃ હેતલબહેન નરેશભાઈ આચાર્ય (રહે. વિશ્વકુંજ કોલોની બળીયાકાકાની ચાલી સામે મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૬/૨૦૨૬ બપોરના ૦૩/૦૦ થી કલાક ૦૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ખુલ્લા દરવાજા વાટે અજાણી વ્યકિત ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને ચાંદીની લગડી મળી કુલ કિમત રૂપિયા ૮,૭૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૯૧૭/૨૦૨૬**

સાબરમતીઃ ચેનપુર માધવ હાઈટ્સ નામની નવી બનતી સાઈટ ખાતે રહેતા અરવિંદભાઈ રામભવન પાસી (ઉ.વ.૨૬) (મુળ વતન. નામ–લોરીકપુર તા–ગૌરીગંજ જી–અમેઠી, ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૬/૨૦૨૬ કલાક ૦૧/૪૫ વાગ્યા પહેલા સાઈટ ખાતે બ્લોક નંબર એ/૬૦૪ છઠ્ઠા માળના હોલમાં લોખંડના પાલખ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રૂગનાથજી ચલાવે છે.

કાગડાપીઠઃ અશ્વિન કનુભાઈ પરમાર (ઉ.વ.૩૬) (રહે. વિજયનગર હાઉસીંગ સોસાયટી ફુટબોલ ગ્રાઉન્ડ પાસે કાંકરીયા રોડ) એ બિમારીથી કંટાળી તા.૨૯/૦૬/૨૦૨૬ બપોરના ૦૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

નિકોલઃ સુરજબાઈ વા/ઓ ભગવાનભાઈ માલી (રહે. કાલુભાઈ ઓદમની ચાલી લીલાનગર સ્મશાન પાસે લીલાનગર ખોડીયારનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૬/૨૦૨૬ સવારના ૦૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.જે.શેખવા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી